પાટનગરનું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૬) અંક નં. ૩૪૦ | ૨૨ ફેબ્રુઆરી, ૨૦૨૨, મંગળવાર; મહા વદ - ૬ | પાનાં - ૮ કિંમત રૂ. ૩.૦૦

# યુક્રેન સરહદે મહાયુદ્ધનો શંખનાદ

**યુએસ ગુપ્ત એજન્સીનો દાવો, પુતિને આપી દીધા છે હુમલાનાં આદેશ : યૂક્રેન પાસે ખડકાયેલાં છે ૧.૫૦ લાખ રશિયન સૈનિક : અમેરિકન ગુપ્ત એજન્સીએ નવી ચેતવણી જાહેર કરી છે, અમેરિકા ગુપ્ત વિભાગનાં સૂત્રોએ દાવો કર્યો છે કે, રશિયા ટેંક યૂક્રેન તરફ આગળ વધી રહી છે**



વોશિંગટન,તા.૨૧

રશિયા અને યૂક્રેનમાં જે પ્રકારનો માહોલ છે તે વચ્ચે અમેરિકન ગુપ્ત એજન્સીએ નવી ચેતવણી જાહેર કરી છે. અમેરિકા ગુપ્ત વિભાગનાં સૂત્રોએ દાવો કર્યો છે કે, રશિયા ટેંક યૂક્રેન તરફ આગળ વધી રહી છે. આ સૂત્રો અનુસાર, રશિયાનાં રાષ્ટ્રપતિ વ્લાદિમીર પુતિને રશિયન દળને યૂક્રેન પર હુમલો કરવાનાં આદેશ આપ્યાં છે. હવે હુમલાની અંતિમ યોજના પર કામ ચાલી રહ્યું છે. ન્યૂયોર્ક પોસ્ટની રિપોર્ટ અનુસાર, અમેરિકાની ગુપ્ત એજન્સીનાં સૂત્રોએ દાવો કર્યો છે કે, યૂક્રેન પર સીધો હુમલો કરતાં પહેલાં રશિયા સાઈબર અટેક કરશે. અંતમાં જમીની ટુકડિઓ યુક્રેનનાં શહેરો પર કબ્જો કરશે. રશિયાની અગ્રિમ પંક્તિની સેનાનાં વાહનો, ટેંક પર પેન્ટથી ઝેડ અક્ષર બનાવી રહ્યાં છે. જેથી આ ટેંક યૂક્રેન સીમા તરફ આગળ વધતી નજર આવી શકે. અમેરિકન ઈન્ટેલિજન્સ રિપોર્ટ અનુસાર, યૂક્રેનની પાસે ખડકાયેલાં ૧.૫૦ લાખ રશિયન સૈનિકોમાં ૪૦%થી ૫૦% જલદી જ ફૂલ સ્કેલ વોર શરૂ કરી શકે છે. અધિકારીઓનું કહેવું છે કે, રશિયન બોર્ડર લાઈન પર હુમલો

● અનુસંધાન પાન-૭ પર

## હાશકારો : દેશમાં ૪ સપ્તાહથી દૈનિક કેસમાં ધરખમ ઘટાડો

**૭થી ૧૩ ફેબ્રુઆરી સુધીના સપ્તાહમાં તેની પહેલાના સપ્તાહની સરખામણીએ નવા કેસની સંખ્યામાં ૫૯%નો ઘટાડો નોંધાયો જે સૌથી મોટો સાપ્તાહિક ઘટાડો**

નવી દિલ્હી, તા.૨૧

દેશમાં કોવિડ-૧૯ મહામારીની ત્રીજી લહેર જે ઝડપે ઉંચે ચડી તે જ ઝડપે નીચે પણ આવી ગઈ છે. છેલ્લા સતત ૪ સપ્તાહથી કોરોનાના નવા દૈનિક કેસની સંખ્યામાં ઝડપથી ઘટાડો થઈ રહ્યો છે. તેમાં પણ રવિવારે સમાપ્ત થયેલા સપ્તાહમાં તો તેની પહેલાના સપ્તાહની સરખામણીએ મૃત્યુ પણ અડધા જેટલા નોંધાયા. કોવિડના મૃતકઆંકમાં ઘટાડાનું આ સતત બીજું સપ્તાહ છે. દેશમાં ૧૪થી ૨૦ ફેબ્રુઆરી દરમિયાન કોરોનાના કારણે ૧,૮૯૮ મૃત્યુ થયા જે તેની પહેલાના સપ્તાહમાં નોંધાયેલા ૩,૩૬૬ મૃત્યુ કરતાં ઓછો આંકડો છે.

એક રીતે જોઈએ તો સતત ૪ સપ્તાહથી કોરોનાના નવા કેસમાં ઘટાડો નોંધાઈ રહ્યો છે પરંતુ છેલ્લા ૨ સપ્તાહથી તેમાં ખૂબ તેજી જોવા મળી રહી છે. આ સમય દરમિયાન નવા દર્દીઓની સંખ્યામાં અડધાથી વધારેનો ઘટાડો જોવા મળ્યો છે. ગત સપ્તાહે ભારતમાં માત્ર ૧.૭૩ લાખ નવા કોવિડ દર્દી નોંધાયા જે તેની પહેલાના સપ્તાહમાં નોંધાયેલા કુલ ૩.૯૪ લાખ નવા કેસની સરખામણીએ ૫૬ ટકા ઓછા છે. ૭થી ૧૩ ફેબ્રુઆરી સુધીના સપ્તાહમાં તેની પહેલાના સપ્તાહની સરખામણીએ નવા કેસની સંખ્યામાં ૫૯%નો ઘટાડો નોંધાયો જે મહામારીની શરૂઆત બાદનો સૌથી મોટો સાપ્તાહિક ઘટાડો છે.

ત્રીજી લહેરના પહેલા સપ્તાહની સરખામણીએ સૌથી ઓછા નવા કેસ ગત સપ્તાહે જ નોંધાયા છે. ત્રીજી લહેરની શરૂઆતના સપ્તાહ ૨૭મી ડિસેમ્બરથી ૨ જાન્યુઆરી દરમિયાન ૧.૩૦ લાખ નવા કેસ નોંધાયા હતા. આ રીતે જોઈએ તો ત્રીજી લહેર દેશમાં કોરોના મહામારીની અન્ય બે લહેરોની સરખામણીએ સૌથી ઓછા સમયની રહી. ૪ જ સપ્તાહમાં ત્રીજી લહેર પોતાની ટોચનીસરખામણીએ માત્ર ૮ ટકા સુધીમાં સમેટાઈ ગઈ. ૧૭થી ૨૩ જાન્યુઆરીના સપ્તાહ દરમિયાન કોરોનાના નવા કેસની સંખ્યા ૨૧.૭ લાખ હતી. દેશમાં બીજી લહેર દરમિયાન આ પ્રકારનો ઘટાડો નોંધાતા ૧૫ સપ્તાહનો સમય લાગ્યો હતો.

## બાળકોની વધુ એક વેક્સીનને મંજૂરી

**કોરોના સામે ભારતની લડાઈ બનશે વધુ મજબૂત : કોર્બેવેક્સ વેક્સીનના બે ડોઝ ૨૮ દિવસમાં લેવા પડશે આ વેક્સીનને ૨થી ૮ ડિગ્રી સેલ્સિયસ પર સ્ટોર કરાય છે**

નવી દિલ્હી, તા.૨૧

કોરોના વાયરસ સામે લડાઈમાં ભારતને વધુ એક હથિયાર મળી ગયું છે. ડ્રગ્સ કંટ્રોલર જનરલ ઓફ ઈન્ડિયા (ડીસીજીએ) એ ૧૨થી ૧૮ વર્ષ સુધીના બાળકો માટે બાયોલોજિકલ ઈ કોરોના વેક્સીન કોર્બેવેક્સને ફાઈનલ મંજૂરી આપી દીધી છે. કોર્બેવેક્સ વેક્સીનને સ્નાયુઓ દ્વારા શરીરમાં પહોંચાડવામાં આવશે અને ૨૮ દિવસની અંદર બે ડોઝ લેવા પડશે. આ રસીનું સ્ટોરેજ બેથી ૮ ડિગ્રી સેલ્સિયસ પર કરવામાં આવે છે.

આ પહેલાં ૧૪ ફેબ્રુઆરીએ ડીસીજીએની એક્સપર્ટ કમિટીએ કેટલીક શરતોની સાથે બાયોલોજિકલ ઈની કોવિડ-૧૯ રસી કોર્બેવેક્સને ઈમરજન્સી ઉપયોગ કરવાની મંજૂરી આપવાની ભલામણ કરી હતી. નીતિ આયોગના સભ્ય ડો. વીકે પોલે કહ્યુ હતુ કે રસીકરણની વધારાની જરૂરીયાત અને તે માટે

● અનુસંધાન પાન-૭ પર

### ગાંધીનગર સમાચાર
### વાચકો માટે વિજ્ઞપ્તિ

પ્રિય વાચકો,

કાગળ અને પ્રિન્ટીંગ ઈન્કના ભાવમાં ભારે વધારો થવાને કારણે અખબારનો ખર્ચ ખૂબ જ વધી ગયો છે. જેના કારણે અખબારની કિંમત વધારવા મજબૂર છીએ.

**આજથી ગાંધીનગર સમાચારની દૈનિક કિંમત રૂપિયા ૩ (ત્રણ) રહેશે.**

અમને વિશ્વાસ છે કે સત્ય અને સાહસના પત્રકારત્વ માટે તમારો સહયોગ મળતો રહેશે.

**આભાર**

**- વ્યવસ્થાપક ગાંધીનગર સમાચાર**

## દેશમાં કોરોનાના ૧૬૦૫૧ નવા કેસ

નવી દિલ્હી,તા.૨૧

ભારતમાં કોરોનાના ત્રીજા મોજાનો પ્રકોપ હવે ઘણો ઓછો થઈ ગયો છે. સતત બીજા દિવસે કોરોનાના ૨૦ હજારથી ઓછા નવા કેસ નોંધાયા છે. છેલ્લા ૨૪ કલાકમાં દેશમાં કોરોનાના ૧૬,૦૫૧ નવા કેસ સામે આવ્યા છે અને ૨૦૬ સંક્રમિત લોકોએ જીવ ગુમાવ્યા છે. જ્યારે આના એક દિવસ પહેલા જ કોરોનાના ૧૯ હજાર ૯૬૮ નવા કેસ સામે આવ્યા હતા અને ૬૭૩ લોકોએ જીવ ગુમાવ્યા હતા. સારી વાત એ છે કે છેલ્લા ૨૪ કલાકમાં ૩૭ હજાર ૯૦૧ લોકો કોરોનાથી સાજા પણ થયા છે એટલે કે ૨૨ હજાર એક્ટિવ કેસમાં ઘટાડો થયો છે.

## કર્ણાટકમાં ખીણમાં ફસાયેલા ૧૯ વર્ષીય છાત્રનું રેસ્ક્યુ કરાયું

બેંગાલુરૂ, તા.૨૧

ભારતીય વાયુસેનાના આશ્ચર્યજનક કારનામાઓ હંમેશા ચર્ચામાં રહે છે. વાયુસેનાએ તાજેતરમાં જ એક સાહસી ઓપરેશનમાં કર્ણાટકના નંદી હિલ્સ ખાતે ખીણમાં ફસાયેલા ૧૯ વર્ષીય વિદ્યાર્થીનું રેસ્ક્યુ કર્યું હતું. આ ઘટનાનો વીડિયો સોશિયલ મીડિયામાં ખૂબ જ વાયરલ થઈ રહ્યો છે. દિલ્હીનો રહેવાસી નિશંક એકલા જ ટ્રેકિંગ માટે નીકળ્યો હતો અને આશરે ૩૦૦ ફૂટ ઉંડી ખીણમાં પડ્યો હતો.

## ચારા કૌભાંડમાં લાલુ યાદવને ૫ વર્ષની કેદ, ૬૦ લાખનો દંડ

**આરજેડીના નેતા પર કાયદાનો ગાળિયો કસાયો : ૧૫મી ફેબ્રુઆરીએ દોષિત ઠેરવવામાં આવેલા ૪૧ આરોપીઓમાંથી ૩૮, જેઓ કોર્ટમાં હાજર થયા હતા**

રાંચી, તા.૨૧

ચારા કૌભાંડ હેઠળ ડોરંડા કોષાગારથી રૂ. ૧૩૯.૩૫ કરોડની



ઉચાપતના કેસમાં દોષિત રાષ્ટ્રીય જનતા દળ (આરજેડી)ના વડા લાલુ પ્રસાદ યાદવને પાંચ વર્ષની સજા ફટકારવામાં આવી છે. તેમજ ૬૦ લાખ રૂપિયાનો દંડ પણ ફટકારવામાં આવ્યો છે. લાલુ યાદવ ઉપરાંત આ કેસમાં ૩૮ દોષિતોને પણ સ્પેશિયલ સીબીઆઈ કોર્ટે સોમવારે વિડીયો કોન્ફરન્સ દ્વારા સજા સંભળાવી હતી. ૧૫ ફેબ્રુઆરીએ સેન્ટ્રલ બ્યુરો ઓફ ઈન્વેસ્ટિગેશન (સીબીઆઈ)ની વિશેષ અદાલતના ન્યાયાધીશ એસકે શશીએ આ તમામને દોષિત ઠેરવ્યા અને સજા પર સુનાવણી માટે ૨૧ ફેબ્રુઆરી નક્કી કરી હતી.

સીબીઆઈના વિશેષ વકીલ બીએમપી સિંહે રવિવારે જણાવ્યું હતું કે વિશેષ અદાલતે શનિવારે નિર્દેશ આપ્યો હતો કે ૧૫ ફેબ્રુઆરીએ દોષિત ઠેરવવામાં આવેલા ૪૧ આરોપીઓમાંથી ૩૮, જેઓ કોર્ટમાં હાજર થયા હતા, તેઓને વિડીયો કોન્ફરન્સ દ્વારા સજા સંભળાવવામાં આવી હતી.

## દેશમાં ચોમાસુ સામાન્ય રહેવા સ્કાયમેટનું અનુમાન

નવી દિલ્હી, તા.૨૧

ભારતની પ્રમુખ મોસમ પૂર્વાનુમાન અને કૃષિ જોખમ સમાધાન કંપની સ્કાઈમેટ ૨૦૨૨ માટે પ્રારંભિક મોનસૂન પૂર્વાનુમાન માર્ગદર્શન લઈને આવી છે, સ્કાઈમેટનુ અનુમાન છે કે આગામી ચોમાસુ સામાન્ય રહેશે.

સ્કાઈમેટ વર્ષ ૨૦૧૨થી જ મોનસૂનની ભવિષ્યવાણી કરી રહ્યુ છે. સિવાય ૨૦૨૦ને છોડીને જ્યારે રણનીતિક કારણોથી આને રોકી દેવાયુ હતુ. સ્કાઈમેટ એપ્રિલ મહિનામાં મોનસૂન ૨૦૨૨ની સંભાવનાઓ પર એક વિસ્તૃત રિપોર્ટ જારી કરશે. સ્કાઈમેટ સંપૂર્ણ મોનસૂન પૂર્વાનુમાન માટે પ્રાસંગિક આંકડા એકઠા કરવાની પ્રક્રિયામાં કાર્યરત છે. દર વર્ષે ચોમાસાનુ આગમન, તીવ્રતા, સમયગાળો અને આવકમાં મોટા અંતર પર ઉતાર-ચઢાવ થાય છે. આ સ્તરે આ તમામ પાસાઓને સમજવુ ઝડપી થશે. જોકે, ચાર મહિનાની લાંબી સિઝન દરમિયાન આની શરૂઆતી ઝલક મેળવવા અને આકલન કરવા માટે ઘણુ છે. છેલ્લી ૨ ચોમાસુ સિઝન એક બાદ એક થનારી ઘટનાઓથી પ્રેરિત છે. જે હવે ઓછી થવા લાગી છે.

## કર્ણાટકમાં બજરંગ દળના કાર્યકરની હત્યાથી ભારે તણાવ

**શહેરમાં કલમ ૧૪૪ લાગૂ : હત્યાની ઘટના બાદ સ્થિતિ તણાવપૂર્ણ થઈ ગઈ છે, શિવમોગામાં પથ્થરમારો અને આગચંપીની ઘટનાઓ ઘટી છે**

શિવમોગા,તા.૨૧

કર્ણાટકના શિવમોગામાં ૨૪ વર્ષના એક યુવક હર્ષાની હત્યા કરી દેવાઈ છે. ત્યારબાદ શિવમોગામાં તણાવની સ્થિતિ બનેલી છે. અહીં પોલીસે કલમ ૧૪૪ લાગૂ કરી દીધી છે. મૃતક બજરંગ દળનો કાર્યકર હોવાનું કહેવાય છે. અત્રે જણાવવાનું કે રવિવારે રાતે કર્ણાટકના શિવમોગા શહેરમાં બજરંગ દળના કાર્યકર હર્ષાની હત્યા બાદ જિલ્લામાં સ્થિતિ તણાવપૂર્ણ છે. શિવમોગામાં હાલ સ્થિતિને કાબૂમાં રાખવા માટે કલમ ૧૪૪ લાગૂ કરાઈ છે. આ સાથે જ શિક્ષણ સંસ્થાઓ પણ બંધ કરી દેવાઈ છે. ૨૩ વર્ષના હર્ષાની હત્યા રવિવારે રાતે અજાણ્યા બદમાશોએ શિવમોગાના ભારતી કોલોની સ્થિત કામત પેટ્રોલ પંપ પાસે કરી. જો કે હર્ષાની હત્યાનું કારણ હજું સામે આવ્યું નથી. હત્યાની ઘટના બાદ સ્થિતિ તણાવપૂર્ણ થઈ ગઈ છે. શિવમોગામાં પથ્થરમારો અને આગચંપીની ઘટનાઓ ઘટી છે.

હાલ સ્થિતિ તણાવપૂર્ણ પરંતુ કાબૂમાં છે. કર્ણાટકના ગૃહમંત્રી અરગા જ્ઞાનેન્દ્રએ મૃતકના પરિજનો સાથે



મુલાકાત કરી. આ સાથે જ લોકોને શાંતિ જાળવવાની અપીલ કરી છે. પોલીસ દ્વારા એક ટાસ્ક ફોર્સ બનાવવામાં આવી છે અને આ મામલે તપાસ હાથ ધરાઈ છે.

કર્ણાટકના ગૃહમંત્રી અરગા જ્ઞાનેન્દ્રએ જણાવ્યું કે ૪-૫ યુવકોના સમૂહે હત્યા કરી હતી. મને નથી ખબર કે હત્યા પાછળ કયા સંગઠનનો હાથ છે. શિવમોગામાં કાયદો-વ્યવસ્થાની સ્થિતિ નિયંત્રણમાં રહે તે માટે જરુરી પગલા ભરવામાં આવ્યા છે,

## બિટકોઈન માઈનિંગમાં રોકાણ કરાવી ૨૦૦ કરોડનું કૌભાંડ

**ક્રિપ્ટો કરન્સી હવે છેતરપિંડીનું માધ્યમ બન્યું : પોલીસે પકડેલી ગેંગના ૧૧ બેંક એકાઉન્ટમાં ૨૦૦ કરોડ રૂપિયાથી વધારેના નાણાકિય વ્યવહારો સામે આવ્યા**

મુંબઈ, તા.૨૧

ક્રિપ્ટોકરન્સી હવે છેતરપિંડીનું નવું માધ્યમ બની ગયું છે. તાજેતરમાં જ મુંબઈ પોલીસે આવા એક કાંડનો ભાંડો ફોડ્યો છે. સાયબર ક્રાઈમની આ નવી મોડસ ઓપરેન્ડી છે જેમાં સાયબર ફ્રોડસ્ટર્સના એક ગ્રુપે એક મ્યુઝિક ટીચરને બિટકોઈન માઈનિંગમાં રોકાણ કરીને ઊંચા વળતરનું વચન આપીને ઠગાઈ કરી છે. પોલીસે કર્ણાટકના રહેવાસી ૩૧ વર્ષીય શખ્સની ધરપકડ કરી છે અને તેની તપાસમાં ૨૦૦ કરોડના કાંડનો ભાંડો ફૂટ્યો છે. આ ગેંગના ૧૧ બેંક એકાઉન્ટમાં ૨૦૦ કરોડ રૂપિયાથી વધારેના નાણાકિય વ્યવહારો સામે આવ્યા છે. ઓક્ટોબરથી ફક્ત એક જ એકાઉન્ટમાં ૧૮૯ કરોડ રૂપિયાના ટ્રાન્ઝેક્શન થયા છે.

ફરિયાદીએ માટુંગા પોલીસ સ્ટેશનમાં છેતરપિંડીની ફરિયાદ દાખલ કરી હતી. ગત વર્ષે ૧૨ ઓગસ્ટે ફરિયાદીના ફોન પર એક

● અનુસંધાન પાન-૭ પર

## યુવા ગ્રાન્ડ માસ્ટર પ્રાગનનંદાએ વર્લ્ડ નંબર-૧ ચેસ ખેલાડીને માત આપી

**ઓનલાઈન રેપિડ શતરંજ ટુર્નામેન્ટમાં ઉલટફેર : ભારતના ચેસ ગ્રાન્ડ માસ્ટર પ્રાગનનંદાએ સ્પર્ધામાં સતત ત્રણ બાજી જીતનારા કાર્લસનને ૩૯ ચાલમાં જ પટક્યો**

ચેન્નાઈ, તા.૨૧

ભારતના યુવા ગ્રાન્ડ માસ્ટર આર પ્રાગનનંદાએ શતરંજના મેદાનમાં મોટી ઉલટફેર કરી છે. ૧૬ વર્ષીય ભારતીય ગ્રાન્ડ માસ્ટરે વર્લ્ડ નંબર-૧ ચેસ માસ્ટર મૈગનસ કાર્લસનને આકરો પરાજય આપ્યો છે. પ્રાગનનંદાએ કાર્લસનને ૩૯ ચાલમાં જ પટકી દીધો હતો. ઓનલાઈન રેપિડ શતરંજ ટુર્નામેન્ટ એરથિંગ્સ માસ્ટર્સના આઠમા તબક્કામાં તેમણે આ ઉપલબ્ધિ હાંસલ કરી હતી.

● અનુસંધાન પાન-૭ પર




ઓર્ગેનીક ફાર્મીંગ એન્ડ કન્સલ્ટન્સીંગ



ઓર્ગેનીક કિચન ગાર્ડન એન્ડ ટેરેસ ગાર્ડન પ્લાન્ટેશન કરી આપવામાં આવશે.

કાચી ઘાણીનું ઓર્ગેનિક મગફળીનું તેલ મળશે.

ઓર્ગેનિક પ્રોડક્ટ્સ મેળવવા માટે કોન્ટેક્ટ કરો

70969 55791

સ્થળ : સેક્ટર-૨૮ ગાર્ડન, ગાંધીનગર

ઓર્ગેનિક ઘઉં માટેનું બુકીંગ ચાલુ છે